CELEBRATING 60 AMAZING YEARS

AHMEDABAD MANAGEMENT ASSOCIATION

### એક દિવસીય તાલીમ કાર્યક્રમ

# ૫ એસ (5S)થી સુંદર કાર્યસ્થળ વ્યવસ્થાપન

## (5-S Workplace Management)

શનિવાર, જૂન ૧૦, ૨૦૧૭ - સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી

**કાર્યક્રમ સ્થળ :** અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, ટૉરેન્ટ-એએમએ મેનેજમેન્ટ સેન્ટર, કૉર-એએમએ મેનેજમેન્ટ હાઉસ, એટીરા કેમ્પસ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ,વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦ ૦૧૫

૫ એસ (5S) એ કાર્યસ્થળ વ્યવસ્થાપન માટેની એક પદ્ધતિ છે. જેનાથી કાર્યસ્થળ વ્યવસ્થિત બને છે અને એનાથી ઓછામાં ઓછા સમયમાં, ઓછામાં ઓછી મહેનતથી કામ થાય છે. એના સિદ્ધાંતો જેમ કે સમયનો બગાડ અટકાવવો, માણસ કે માલસામાનની બિનજરૂરી હેરફેર અટકાવવી તે દરેક સંસ્થાને કે વ્યક્તિને લાભદાયી છે. ૫ એસ (5S) એ ફક્ત 'દરેક વસ્તુ તેનો યોગ્ય જગ્યાએ મૂકવી' એવું સૂત્ર નથી. એના પાંચ મૂળભૂત સિદ્ધાંતો તમારા કાર્યસ્થળને અને તમને પોતાને વ્યવસ્થિત થતાં શીખવે છે.

૧. **સુવિભાજન :** કામની અને નકામી વસ્તુઓને છૂટી પાડો અને નકામી વસ્તુઓનો નિકાલ કરો.

૨. **સુવ્યવસ્થા :** તમને જોઈતી વસ્તુ ૩૦ સેકંડમાં મળે તેવી પદ્ધતિ વિકસાવો.

૩. **સ્વચ્છતા :** તમારું કાર્યસ્થળ, સાધનો તરત જ વાપરી શકાય તેવી રીતે સ્વચ્છ રાખો.

૪. **સ્તરનિભાવ :** ઉપલી ત્રણે પદ્ધતિઓ માટે માપદંડ નક્કી કરો કે જેથી દરેક વ્યક્તિ દરેક કામ એક જ રીતે કરે અને તેમાં સતત સુધાર કરે.

૫. **શિસ્ત :** દરેક વ્યક્તિ તેનું કામ કાર્યદક્ષતાથી, સુરક્ષિત રીતે કરે.

**૫ એસ (5S)નો હેતુ લોકોને એમનું કામ હંમેશા સંપૂર્ણ કાર્યક્ષમતાથી કરવામાં મદદ કરવાનો છે :**

- જેનાથી કોઈ પણ કામ દરેક વખતે કોઈ પણ ભૂલ વગર થાય કે જેથી સમય અને માલનો બગાડ ન થાય.
- મશીનો અને સાધનો હમેશા ભરોસાપાત્ર રીતે કામ કરે કે જેથી ઉત્પાદનમાં કોઈ ક્ષતિ ના રહે.
- કાર્ય પદ્ધતિઓ, નકામાં ફેરફારો અને મશીનના એક સરખા ઉત્પાદનમાં થતી બાધાઓ દુર કરવી.
- ગુણવતાસભર ઉત્પાદન કે સેવા ઓછામાં ઓછા સમયમાં આપવા.
- લોકોને અને મશીનોને સુરક્ષિત રાખવા.

આ સિદ્ધાંતો દરેક વ્યવસાયને જોઈએ છે. આ મહત્ત્વના લાભો મેળવવા તમે ૫ એસ (5S) નો એક સાધન તરીકે ઉપયોગ કરીને એક સુવ્યવસ્થિત કાર્યસ્થળનું નિર્માણ કરી શકો છો. જેનાથી તમારા વ્યવસાયની જરૂરિયાત પ્રમાણે તમે હરીફાઈમાં ટકી શકો.

કાર્યક્રમ દરમિયાન ૫ એસ (5S) ને ફક્ત કાર્યસ્થળ ને જ વ્યવસ્થિત અને સ્વચ્છ બનાવવા વિષે જ નહીં, પણ લોકોની અંગત કાર્યપ્રણાલીઓ વિષે પણ જણાવવામાં આવશે કે જેથી સામાન્ય લોકો પણ અસામાન્ય કામ ઉત્સાહપૂર્વક કરી શકે. એનાથી તમારી સંસ્થાના ઉત્પાદન કે સેવાઓ આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબ આપી શકે. પરિણામે તમે તમારા હાલના ગ્રાહકોને તો સંતોષી શકશો જ પણ નવા ગ્રાહકો ને પણ આકર્ષી શકશો. ૫ એસ (5S)નું પાલન લોકોને તેમના કામમાં તો સુરક્ષિતતા આપે જ છે પણ સાથે સાથે તેમનો કામ કરવાનો ઉત્સાહ પણ વધારે છે. જેથી તેઓ દરેક વખતે ઉચ્ચ ગુણવતાનું ઉત્પાદન કે સેવા આપી શકે.

૫ એસ (5S) એ સારી ગૃહવ્યવસ્થા માટે તેમજ કાર્યસ્થળ ના સુચારુ વ્યવસ્થાપન માટેનું સાધન છે. તે સંપૂર્ણ ઉત્પાદકીય જાળવણી (Total Productive Maintenance) જેવી પદ્ધતિ માટે પાયાનો જરૂરિયાત છે.

**ફેકલ્ટી : શ્રી અરૂણ મોદી,** મેનેજમેન્ટ કન્સલટન્ટ એન્ડ ટ્રેનર

**ફી** :કાર્યક્રમની ફી રૂ. ૧૦૦૦/- વ્યક્તિદીઠ. (કાર્યક્રમ ફી, કાર્યક્રમની સામગ્રી, લંચ અને રીફ્રેશમેન્ટની સગવડનો સમાવેશ થયેલ છે.) (ચેક અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ના નામનો બીડવો)

**રજીસ્ટ્રેશન :**

**અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન**
ટૉરેન્ટ-એએમએ મેનેજમેન્ટ સેન્ટર, કોર-એએમએ મેનેજમેન્ટ હાઉસ,
એટીરા કેમ્પસ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૧૫.
ફોન : ૦૭૯-૨૬૩૦૮૬૦૨-૦૬ • મોબાઈલ : ૯૫૩૭૪૦૭૧૮૭, ૭૦૬૯૯૪૦૯૧૭
ફેક્સ : ૦૭૯-૨૬૩૦૫૬૯૨ • ઈ-મેઈલ : ama@amaindia.org
વેબસાઈટ : www.amaindia.org

CELEBRATING 60 AMAZING YEARS

AHMEDABAD MANAGEMENT ASSOCIATION

### એક દિવસીય તાલીમ કાર્યક્રમ

# પ એસ (5S)થી સુંદર કાર્યસ્થળ વ્યવસ્થાપન

# (5-S Workplace Management)

શનિવાર, જૂન ૧૦, ૨૦૧૭ - સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી

**કાર્યક્રમ સ્થળ :** અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, ટૉરેન્ટ-એએમએ મેનેજમેન્ટ સેન્ટર, કૉર-એએમએ મેનેજમેન્ટ હાઉસ, એટીરા કેમ્પસ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ,વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦ ૦૧૫

**રજીસ્ટ્રેશન :**

**રજીસ્ટ્રેશન માટે તાલીમ ફી તથા ફોર્મ આ સરનામે મોકલશોઃ**

**અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન**

ટૉરેન્ટ-એએમએ મેનેજમેન્ટ સેન્ટર, કોર-એએમએ મેનેજમેન્ટ હાઉસ,

એટીરા કેમ્પસ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૧૫.

ફોન : ૦૭૯-૨૬૩૦૮૬૦૨-૦૬ • મોબાઈલ : ૯૫૩૭૪૦૭૧૮૭, ૭૦૬૯૯૪૦૯૧૭

ફેક્સ : ૦૭૯-૨૬૩૦૫૬૯૨ • ઈ-મેઈલ : ama@amaindia.org

વેબસાઈટ : www.amaindia.org

| **નામ** | **હોદ્દો** |
|---|---|
| ૧. | |
| ૨. | |

**વ્યવસાય :**

**સરનામું :**

**પીન કોડઃ**

**ટેલીફોન :** **મોબાઈલઃ**

**ઈ-મેઈલ :** **ફેક્સઃ**